ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# જિલ્લા વહીવટતંત્રમાં ધરખમ ફેરફારો

## ગાંધીનગર-કલોલ પ્રાંત અધિકારી નિમાયા : નાયબ મ્યુનિ કમિશ્નર બદલાયા : ચાર નાયબ મામલતદારને બઢતી અપાઈ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાના વહીવટીતંત્રમાં આમૂલ પરિવર્તન આવ્યા છે. ગાંધીનગર પ્રાંત અધિકારી તરીકે શ્રી સુધીર પટેલ, કલોલ પ્રાંત અધિકારી તરીકે શ્રી પ્રદીપસિંહ રાઠોડ, ગાંધીનગર મહાનગરપાલિકાના નાયબ મ્યુનિ. કમિશ્નર તરીકે શ્રી તન્નાની નિમણુંક કરાઈ છે.

આજે મોડી સાંજે રાજયના મહેસુલ વિભાગે બદલીનો મોટો ઘાણવો કાઢ્યો છે. આજે સાંજે નાયબ કલેકટર કક્ષાના એકસોથી વધુ બદલીના હુકમો કરાયા છે તો એકસો જેટલા મામલતદારોની પણ બદલી કરાઈ છે.

ગાંધીનગર જિલ્લામાં ચીટનીસ તરીકે ફરજો બજાવતા શ્રીમતિ જયશ્રીબેન જરૂને ડે. કલેકટર તરીકે બઢતી આપી બોટાદ ડે. કલેકટર તરીકે મુકવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લાના ૪ નાયબ માલતદાર શ્રી બી.પી. બિહોલાને મામલતદાર તિલકવાડા, શ્રી એ.એ. પટેલને મામલતદાર વડાલી તો શ્રી વી.જે. ભગોરાને ઔડામાં, જી.એસ. ડામોરને દાંતા બઢતી આપી બદલી કરવામાં આવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના નાયબ મ્યુનિ. કમિશ્નર શ્રી પાટડિયાની બદલી કરી કરજણ પ્રાંત અધિકારી તરીકે મુકવામાં આવ્યા છે જ્યારે નાયબ મ્યુનિ. કમિશ્નર તરીકે ચીખલીના પ્રાંત અધિકારી શ્રી આર.એચ. તન્નાને મુકવામાં આવ્યા છે.

ગાંધીનગર અને કલોલના પ્રાંત અધિકારીઓને અધિક કલેક્ટર તરીકે બઢતી અપાઈ હોવાથી ગાંધીનગરની જગ્યા પર શ્રી સુધીર પટેલને પાટણથી બદલી નિમણુંક અપાઈ છે તો કલોલ પ્રાંત અધિકારી તરીકે શ્રી પ્રદીપસિંહ રાઠોડને નિમણુંક અપાઈ છે.

ગાંધીનગરના પૂર્વ પ્રાંત શ્રી બી.કે. પટેલને જી.યુ.ડી.સી.માં મુકવામાં આવ્યા છે તો શ્રી ધવલ જાનીને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે મહેસાણા મુકવામાં આવ્યા છે.

જિલ્લા વહીવટીતંત્રમાં અજમાયશી મામલતદાર તરીકે સેવાઓ આપતા જિજ્ઞાબેન પંડ્યાને ચીટનીસ તરીકે નર્મદા જિલ્લામાં, મેહુલ પંડ્યાને જાફરાબાદ, મુકેશ પટેલને બરવાળા, શ્રી આર.બી. અસારીને જામકંડોરણા, સોનલ પઢેરીયાને બાવળા મામલતદાર તરીકે મુકવામાં આવ્યા છે.

## ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગરમાં પર્યુષણ પર્વે ૬૦થી વધુ તપસ્વીઓ અઠ્ઠાઈ તપની આરાધના કરી રહ્યા છે. તમામ તપસ્વીઓ શાતામાં છે.
- આજે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી છત્તીસગઢની જનરેલીમાં મુખ્ય અતિથિ તરીકે સંબોધન કરવા અંબિકાપુર જશે. જ્યારે રવિવારે દિલ્લીમાં ચૂંટણી સંદર્ભેની રાષ્ટ્રીય સમિતિઓમાં હાજરી આપશે.
- ગાંધીનગર નાગરીક કો.ઓ. બેંકના સ્થાપક ડીરેક્ટર શ્રી ભાઈલાલભાઈ અમીનનું આજે મોડીસાંજે સેક્ટર-૨૩ ખાતે નિધન થયું હતું.
- આજે બંધ દરમિયાન કોંગ્રેસના કેટલાક કાર્યકરોએ મુખ્યમંત્રીની ટીખળ કરતાં કાર્યક્રમો યોજ્યા હતા.

# ગાંધીનગરમાં ચોરો બિન્દાસ્ત...!

## વધુ ચાર ગાડીઓના કાચ તોડીને કિંમતી ચીજવસ્તુઓની ઉઠાંતરી : બેખૌફ ગેંગને પોલીસનો જાણે ડર જ રહ્યો નથી : ભરચક વિસ્તારમાં પબ્લીક વચ્ચે જઈને કારના કાચ તોડીને ઉઠાંતરી કરે છે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી છડેચૌક બિન્દાસ્ત પણે કારના કાચ ફોડીને કિંમતી લેપટોપ સહીતની કિંમતી ચીજો ચોરી કરી ગેંગ ફરાર થઈ ગઈ હતી ત્યારે આજે બંધના એલાનને પગલે ઠેર ઠેર પોલીસ ગોઠવાયેલી હોવા છતાં આ કરી રહી છે પરંતુ પોલીસ કરતાં પણ આ ગેંગ બે કદમ આગળ હોય તેમ પોલીસને પણ લાચાર બનાવી દીધી છે.



(તસવીર : દિપક જાની)

ચિજવસ્તુઓની ઉઠાંતરી કરી લેતી સક્રીય ગેંગ પોલીસના સ્હેજ પણ ડર વગર ચોરી કરી જાય છે. બે દિવસ અગાઉ ત્રણ ત્રણ ગાડીના કાચ તોડીને ગેંગે સફળતા પૂર્વક વધુ ચાર ગાડીઓને નિશાન બનાવ્યાના કિસ્સા બનવા પામ્યા છે. બેકાબુ બનેલી આ ગેંગને કાબુમાં લાવવા પોલીસ કસરત

શહેરના સેકટર-૨૨ જૈન દેરાસરની બહાર પાર્ક કરેલી લકઝુરીયસ ગાડીના કાચ આ ગેંગે તોડીને અંદરથી કિંમતી ચિજો ચોરી કરવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ ગઠીયાઓના હાથમાં કંઈ કિંમતી સામાન આવ્યો ન હતો. મોંઘો મોબાઈલ ગાડીની આગળની સીટ પાસે પડયો હતો તે ગેંગના હાથે ન લાગતા બચી ગયો હતો. તો બીજી તરફ સેકટર-૧૭/૨૨ કોમ્પ્લેક્ષ સામે જીઆઈડીસીમાં નોકરી કરતા યુવાને પોતાની ગાડી પાર્ક કરી હતી. કામ પતાવીને ગાડી પાસે પહોંચ્યા ત્યાં સુધીમાં તેમની ગાડીમાંથી એક લેપટોપ, ક્રેડીટ કાર્ડ, બે અગત્યની ડાયરી સહિતના દસ્તાવેજો ચોરી કરી આ ગેંગ રફફુ ચક્કર થઈ ગઈ હતી. આ બે સ્થળોએ હજુ પોલીસ પહોંચી પણ નથી ત્યાં બીજા સમાચાર પોલીસને મળ્યા કે સે-૧૬ પેટ્રોલ પંપની સામે એચ.ડી.એફ.સી. બેંક નજીક સે-૮-બી પ્લોટ નં. ૫૧૦/૧માં રહેતા ડૉ. રાજેન્દ્રકુમાર વાસુદેવભાઈ સોમપુરાએ પોતાની બ્રેવો ગાડી નં. જીજે ૧૮ બી.બી. ૭૧૧૩ પાર્ક કરી હતી. જેમની ગાડીને નિશાન બનાવીને આ ગેંગ કાચ તોડી અંદરથી રૂ. ૫૫ હજારની કિંમતનું બેભાન કરવા માટે વપરાતું મશીન ચોરીને ભાગી ગઈ હતી. ઉલ્લેખનીય છે કે બે દિવસ પહેલા આ એમ.ઓ.થી સે-૧૭/૨૨ ખાતે એક ડોકટરની ગાડીમાંથી પણ આવાજ સાધનની ઉઠાંતરી થવા પામી

**નવી સક્રીય થયેલી ગેંગનો આતંક વધ્યો પ્રજામાં ફફડાટ**

હતી. પોલીસ આ ત્રણ ગુનાઓ કોણે કર્યા હશે? ગેંગ કઈ તરફ ગઈ હશે? ક્યાંની ગેંગ હશે? કંઈક વિચાર કરે ત્યાં તો બીજા મેસેજ ચોથી ગાડીના કાચ સે-૧૧ પેટ્રોલ પંપ સામે તુટયાના

● અનુસંધાન પાન-૭ પર

## વિધાનસભા અધ્યક્ષ વજુભાઈ વાળાને તિબેટનું પ્રતિનિધિમંડળ મળ્યું

અમદાવાદ, તા.૦૬

વિધાનસભાના અધ્યક્ષ વજુભાઈ વાળાની આજે તિબેટીયન પાર્લામેન્ટરી ડેલીગેશને શુભેચ્છા મુલાકાત લીધી હતી.

વેન ગેશે અટુક ત્સેન, જીગ્મે જૂગ્નાથ, ત્સેરીન યુડોન અને લોબાસોંગ ત્યેત્સીના ચાર વ્યક્તિઓના ડેલીગેશને અધ્યક્ષની શુભેચ્છા મુલાકાત લઈને તિબેટની સાંસ્કૃતિક ધરોહર તથાભારત સાથેની ભાતૃભાવના અનો ગુજરાતની ભવ્ય અસ્મિતા વિષેના વિચારોની આપ-લે કરી હતી.

પ્રારંભમાં મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલની તસવીર સાથેની સ્મૃતિ ભેટ આપી ડેલીગેશનને આવકાર્યું હતું. આ પ્રસંગે ઈન્ચાર્જ સચિવ મહેન્દ્ર પરમાર, ઉપસચિવ શિરીષ મકવાણા સહિત કો-ઓર્ડીનેટર સંદિપ જ્યોતિકર ઉપસ્થિત રહ્યા હતા.

# સે-૧૫માં મહિલા આઈટીઆઈનું નવું બિલ્ડીંગ બાંધવાનું કામ શરૂ

ગાંધીનગર, તા.૬

સે-૧૫માં મહિલા આઈ.ટી.આઈ.નું બિલ્ડીંગ બાંધવાનું કામ શરુ કરી દેવાયું છે. ચાર માળની નવી ઈમારત બાંધવા માટે રૂ. ૬.૨૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. બિલ્ડીંગનું બાંધકામ ભૂકંપ પ્રુફ થશે.

રાજયના વિવિધ જિલ્લાઓમાં મહિલાઓ માટે ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત કરવાનો નિર્ણય લેવાયા બાદ ગાંધીનગરમાં સે-૧૫ ખાતે મહિલા આઈ.ટી.આઈ.ના નવા બિલ્ડીંગ બાંધવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. પાટનગર યોજના વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર મહિલા આઈ.ટી.આઈ.ની અલગ ઈમારત બાંધવા માટે થોડા સમય અગાઉ ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવી હતી. ચાર માળની નવી ઈમારત ઉભી કરવા પાછળ રૂ. ૬.૨૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. ડિઝાઈન સહિત નકશા તૈયાર કરવાનું કામ ઝડપભેર પૂર્ણ કરવાની સાથે હવે બિલ્ડીંગ બાંધવાનું કામ પણ ઝડપથી પૂર્ણ કરી દેવાશે. મહીલા આઈ.ટી.આઈના નવા બિલ્ડીંગ બાંધવાનું કામ નિયત સમયગાળામાં પૂર્ણ કરવામાં આવશે. આ ઉપરાંત બિલ્ડીંગને અનુલક્ષી આનુસંગિક સુવિધાઓ પણ ઉભી કરવામાં આવશે જયારે નવા બિલ્ડીંગના નિર્માણનું કામ ભૂકંપ પ્રુફ અને ગુણવત્તાયુક્ત થાય તે માટે પણ વિશેષ તકેદારી રાખવામાં આવતી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

**ચાર માળનું બિલ્ડીંગ બાંધવા રૂ. ૬.૨૦ કરોડ ખર્ચાશે**

# પથિકાશ્રમ દ્વારા સૌ પ્રથમવાર મહા ગણેશ ઉત્સવનું આયોજન

## લગ્નગીત, મીસીસ ગાંધીનગર ટેલેન્ટ તેમજ મોદક બનાવવાની વિવિધ સ્પર્ધાઓ યોજાશે; ડાયરો, લોક નૃત્યો તેમજ ગીત સંગીતના કાર્યક્રમોનું આયોજન

ગાંધીનગર, તા.૬

શહેરમાં સૌ પ્રથમવાર કોર્પોરેટ લેવલે ગણેશોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. પથિકાશ્રમ દ્વારા આગામી તા. ૯ થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન મહા ગણેશ ઉત્સવની ઉજવણી કરાશે.



(તસવીર : દિપક જાની)

ગણેશોત્સવ અન્વયે લગ્નગીત સ્પર્ધા, મીસીસ ગાંધીનગર ટેલેન્ટ, મોદક બનાવવા ઉપરાંત વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવશે. પથિકાશ્રમ દ્વારા આ દરમયાન ડીસ્કો થેકની પણ શરૂઆત કરવામાં આવશે. પથિકાશ્રમ સંકુલ પાછળ ૭ હજાર સ્કવેર મીટર જગ્યામાં નવો પાર્ટી પ્લોટ પણ તૈયાર કરવામાં આવ્યો છે. જેના ઉદઘાટન નિમિત્તે ગણેશયાગનું આયોજન કરવામાં આવ્યું છે.

પથિકાશ્રમનાં એમ.ડી. શંભુસિંહ ગોલે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે શહેરના પ્રત્યેક પરિવાર સાથે સંકળાયેલા-પથિકાશ્રમ દ્વારા સૌ પ્રથમવાર ગણેશોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. ગણેશોત્સવના પ્રારંભે ૯ સપ્ટેમ્બરે સવારે ગણેશ મહાયજ્ઞ યોજવામાં આવશે. શહેરના મેયર મહેન્દ્રસિંહ રાણાના હસ્તે દિપ પ્રાગટય કરવામાં આવશે જયારે સાંજે ૮ કલાકે લોકડાયરો યોજાશે. જયારે મહિલા શકિત અભિયાન અન્વયે દરરોજ બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન લગ્નગીત આરતી-થાળ સુશોભન, હલ્દી-કંકુ, આનંદનો ગરબો, કીડસ ફેન્સી ડ્રેસ, ભજન અને મોદક બનાવવાની સ્પર્ધા તેમજ મીસીસ ગાંધીનગર ટેલેન્ટ સ્પર્ધા યોજવામાં આવશે. જયારે સાંજે ૭ કલાકે વિવિધ

● અનુસંધાન પાન-૭ પર

# પર્યુષણ પર્વ અન્વયે મહાવીર સ્વામીનો જન્મોત્સવ ઉજવાયો

## ૧૪ સ્વપ્નના દર્શન તેમજ પારણે ઝુલાવવાના મહોત્સવની ઉજવણી



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૬

સે. ૨૨ જૈન દેરાસર ખાતે પર્યુષણ પર્વની ઉજવણી અન્વયે આજે ભગવાન મહાવીર સ્વામીના જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તેમની માતાને આવતા ૧૪ સ્વપ્નોના દર્શન તેમજ પારણું ઝુલાવી ભાવિકોએ જન્મદિનની ઉજવણી કરી હતી. પર્યુષણ પર્વ નિમિત્તે ૭૦ અઠ્ઠાઈ પણ કરવામાં આવી છે.

પર્યુષણ પર્વની ઉજવણી દરમિયાન આજે જૈન દેરાસરમાં ભગવાન મહાવીર સ્વામીના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ તબક્કે ભગવાન મહાવીર સ્વામીનું ચારિત્ર જે કલ્પસૂત્રમાં લખ્યું છે. જેમાં ભગવાન મહાવીરના જન્મનું વાંચન છે. તે કરવામાં આવ્યું હતું. ભગવાન મહાવીરની માતાને આવતા ૧૪ સ્વપ્નોના દર્શન કરાવાયા હતા. ભાવિકોએ પારણું ઝુલાવી મહોત્સવની ઉજવણી કરીહતી. પર્યુષણ પર્વ નિમિત્તે ૭૦ અઠ્ઠાઈ કરવામાં આવી છે જ્યારે ચાર્તુમાસ નિમિત્તે પધારેલા પ્રસાંત કિર્તિસાગર મહારાજ તેમજ ભવ્ય કિર્તિસાગર મહારાજ સાહેબે તેમની


● અનુસંધાન પાન-૭ પર

## તત્વજિજ્ઞાસુઓ માટે ગણધરવાદ પર્યુષણ મહાપર્વ

કલ્પસુત્રમાં ચાલુ વ્યાખ્યાનોમાં આજે પાંચમું વ્યાખ્યાન સવારના વાંચી બપોરે 'ગણધરવાદ'નું વ્યાખ્યાન વંચાય છે. ગણધરવાદ વ્યાખ્યાન તત્વજિજ્ઞાસુઓ માટે તો ખાસ ભાવતી વાનગી જેવું હોય છે. આ વ્યાખ્યાન થોડું વિસ્તૃત પણ ખરૂ.

સવારના વ્યાખ્યાનમાં સૌથી પ્રથમ પ્રભુના જન્મને અવધિજ્ઞાનથી જાણી દિશાઓની અધિષ્ઠાત્રી દેવીઓ જિનભવનમાં આવી જે સુતિકા કર્મ કરે છે. ત્યારથી માંડીને ઝીણાં ઝીણી વિગતો વણીને દિશા સુધીનું વિશદ વર્ણન કરાય છે.

ઉપકારીના ઉપકારને શિરે ચડાવવાનો એ એક શ્રેષ્ઠ શિરસ્તો છે. વ્યવહારમાં પણ જેની સાથે પ્રીતનો



**પર્યુષણ પર્વ છઠ્ઠો દિવસ**

તાંતણો બંધાઈ ગયો હોય, એ વ્યક્તિની દરેક વાત, પછી એ ઝીણામાં ઝીણી પણ હોય, માણસને ગમી જતી હોય, અને સાંભળતા, વાંચતા અને ક્યારેક થાક કે કંટાળો અનુભવાતો નથી. ત્યારે આ તો જગતની સકલ જીવરાશિને અભયનું શ્રેષ્ઠતમ ભેટણું આપનાર જિનેશ્વરનો ચરિત્રો છે.

પ્રભુનું સુતિકર્મ થયા બાદ શકદનું સિંહાસન ચલિત થાય છે. અને તે પણ ભક્તિભાવપુર્વક સર્વ દેવો સાથે જગતની તમામ ઉત્તમ સામગ્રી મેળવીને પ્રભુભવનમાં આવે છે અને પ્રભુની તથા માતાની સ્તવના કરે છે. માતાને આશ્વાસન અને અવસ્વાપિતી નિદ્રા આપે છે. પ્રભુની બિંબ માતાના પડખે સ્થાયી, પ્રભુને ગ્રહણ કરી મેરુ તરફ જાય છે. ઈન્દ્રની ભક્તિનો ભાવ પ્રકૃષ્ટ હોય છે કે, 'ભગવાનની ભક્તિનું સઘળું કાર્ય હું - એકલો જ કરુ' એવા ભાવથી પાંચ-પાંચ તો પોતાના રૂપ બનાવી ભક્તિ કરે છે. પુજાકાર પુ. વીરવિજયજી મહારાજે એનું રોચક શબ્દોમાં વર્ણન કરેલું છે. છેલ્લે એ સોનાનો દિવસ પણ આવ્યો. જેની પ્રભુ રાહ જોતા હતા. કૈવલ્ય પ્રાપ્તિનો એ સ્વર્ણદિન, બિહારમાં સમેતશિક તીર્થની નજીક આવેલ ઋજુ કુલુકા નદીના કિનારે પ્રભુએ નિર્મળ

● અનુસંધાન પાન-૭ પર



[illegible]

**ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ**
ગાંધીનગર સમાચાર

## બેસણું

અમારા પૂજ્ય માતુશ્રી **જીવુબા ભાવસંગભાઈ બારડ** (નાની વાવડીવાળા) તા રાણપુર, જિ. અમદાવાદ તા. ૩/૯/૨૦૧૩ને મંગળવારના રોજ દેવલોક પામેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૮/૯/૨૦૧૩ને રવિવારના રોજ સવારે ૮ થી ૧૧ કલાક** દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં. ૧૨૮/૨, સેક્ટર-૪/એ, ગાંધીનગર.**

**લી.**

**જીજીભાઈ ભાવસંગભાઈ બારડ** (નિવૃત્ત મદદનીશ ખેતી નિયામક) **મો. : ૯૯૨૫૪ ૫૧૯૪૬**

**ડૉ. જયવીરસિંહ જીજીભાઈ બારડ** (ઋત્વા ડેન્ટલ કેર એન્ડ ઈમ્પ્લાન્ટ) **સેક્ટર-૨૪, ગાંધીનગર મો. : ૯૭૨૩૨ ૧૩૭૩૪**

## જાહેર નોટીસ

જત ડિસ્ટ્રીક્ટ, ગાંધીનગર, તાલુકો દહેગામ, મોજે : પાલુન્દ્રા સર્વે નં. ૪૪૭/૧, કુલ ક્ષેત્રફળ ૩૩૦૦ ચો.મી.વાળી જમીન શ્રી વિસતસિંહ નાથુસિંહ તથા અન્ય રહે. પાલુન્દ્રાના માલિકી કબજા ભોગવટાની છે. સદરહુ જમીનોમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, સંબંધ હોય તેવી વ્યક્તિઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭માં તમામ પુરાવાઓ સહિત લેખિતમાં નીચેના સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો સમય વિત્યે સદરહુ મિલ્કતનું ટાઈટલ કલીયર સર્ટીફિકેટ આપવામાં આવશે. ત્યારબાદ આ અંગેનો કોઈનો કોઈપણ જાતનો વાંધો કે તકરાર ચાલશે નહીં જેની સર્વેએ નોંધ લેવી.

**અમારી મારફત**
**સહી/-**
**પ્રકાશ એસ. ગોગીયા**
**એડવોકેટ**

**સરનામું :** ૨૬/એ, સર્કલ, 'બી', ત્રીજો માળ, પકવાન-૨ની ઉપર, એસ.જી. હાઈવે, જજીસ બંગલો રોડ પાસે, બોડકદેવ, અમદાવાદ-૧૫. **મો. : ૯૮૨૫૦ ૭૯૧૯૩**

## જોઈએ છે

સારા અનુભવી સાઈડ સુપરવાઈઝર તથા સિવિલ વર્કના જાણકાર અનુભવી એકાઉન્ટન્ટ અને સિવિલ ઈજનેરની જરૂર છે.

**કોન્ટેક્ટ નં.**
**૯૭૨૭૭૫૮૧૦૧**
**૯૪૨૮૧ ૨૬૭૦૮**

C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com